# તુલનાત્મક સર્જનની દ્રષ્ટિએ ચૌલા

ડૉ .નટવરસિંહ ઠાકોર
મુ.પો.કુણઘેર , તા.જી. પાટણ, પિન- ૩૮૪૨૫૫

સોલંકીકાળના ઈતિહાસમાં ડોકિયું કરતાં શ્રી મુન્શી ,ધૂમકેતુ અને મડિયાની ઐતિહાસિક નવલકથાઓનો તુલનાત્મક દ્રષ્ટિએ અભ્યાસ કરતાં જોવા મળે છે.કે મુનશીની જય સોમનાથની ચૌલા ભાવકના હ્રદયને વશીભૂત કરનાર ચૌલા જ છે.આવું નિર્દોષ,મુગ્ધ,રસાત્મક,સુકોમળ,પ્રણય અને સૌંદર્યની લલિત મુર્તિ જેવુ પાત્ર બીજે જોવા મળતું નથી. ચૌલા ભોળી અણસમજુ તરંગી ગણે છે. પણ ચૌલા એ મુનશીનું શ્રેષ્ટ સર્જન છે. ઈતિહાસના જીર્ણ પૃષ્ટોમાથી ચૌલા નીકળી પડી છે. બહુલા (ચૌલા ) અને ભીમદેવનો ઉત્કટ પ્રણય અને ગઝનીના મહમદે સોમનાથ પર કરેલું આક્રમણ તથા ભીમદેવે તેનો કરેલો પ્રતિકાર આ નવલકથાનું વસ્તુ છે. એક બાજુ પ્રેમકથા તો બીજી બાજુ યુદ્ધની કથા સમાંતર ચાલે છે.

ધૂમકેતુ એ ચૌલાદેવી નવલકથામાં સોલંકી યુગના વાતાવરણનું દર્શન કરાવ્યુ છે. આ ઉપરાંત ઐતિહાસિક સ્થળો જેવાકે પાટણ,માળવા , સિધ્ધપુર, ઉજજેન ,આબુ ,અણહીલપૂર ,ઝીંઝુવાડા વગેરેનો પરિચય પણ આ નવલકથામાં પ્રાપ્ત થાય છે. તે સમયનું રાજકારણ રીત રિવાજો તે સમયનો સમાજ વગેરનું દર્શન પણ લેખક કરાવે છે. આ ઉપરાંત પાટણના સ્મશાનનું વર્ણન, સિદ્ધપુરની વાવ, ભોયરાનું વર્ણન રાજ દરબાર તથા રાજયસભામાં મૃદંગવાદનનું વર્ણન વગેરે ખૂબ આકર્ષક બન્યા છે.

ધૂમકેતુની ઇતિહાસ પ્રત્યેની વફાદારી બતાવતા રમેશ ત્રિવેદી કહે છે કે "ધૂમકેતુની ઐતિહાસિક નવલકથાના સર્જનના મૂળમાં તેમનામા રહેલી ઈતિહાસ પ્રત્યેની રુચિ છે. એક ભાવનારંગી સર્જક તરીકે ભૂતકાળના ઈતિહાસના કથાબીજ પસંદ કરી ઐતિહાસિક કૃતિઓ પ્રત્યેની વફાદારી જાળવે છે.

મુનશી કે ધૂમકેતુની માફક મડિયાએ પણ સોલંકીયુગના ગુજરાતના જીવનને આબેહૂબ ખડું કર્યું છે. કેમ કે ધૂમકેતુ અને મુનશી કરતાં ઈતિહાસનો વધારે ઊંડો અભ્યાસ કરીને આલેખન વધારે ઝીણવટભર્યું અને તાદ્રશ કર્યું છે.અભ્યાસના ફ્લરૂપે એ સમયના સમાજના જીવનની કેટલીક ઝીણી વિગતો મડિયાએ આપી છે . આનું પરિણામ એ આવ્યું કે નવલકથા ઘાણી વર્ણન પારાયણ બની ગઈ છે. એટ્લે મડિયાની સંવાદ કલાને અહી ઓછો અવકાશ મળે છે. વર્ણનો પ્રમાણમાં છે. મડિયાએ નિષ્ઠાપૂર્વક ઇતિહાસના પૃષ્ટો ઉકેલવાનો પ્રયાસ કર્યો છે. એ જમાનાનો સમાજ એના રીતરિવાજો યુદ્ધો ,વહેમો ,ધર્મ પરંપરા વગેરે તાદશરીતે આલેખાયાં છે. કાપાલિકોની ધર્મક્રિયાઓ ,યુદ્ધના વ્યુહો ,મુત્સદીઓની ખટપટ ,જાસૂસની કામગીરી વગેરેનો ચિતાર બરાબર અપાયો છે. ઈતિહાસ સામગ્રીનું સારું અધ્યન કરીને સર્જન સ્વરૂપમાં આકાર આપવાનો પ્રયાસ કર્યો છે.

ધૂમકેતુ અને મડિયાએ મુનશીથી કઈક જુદું આલેખવાનો પ્રયાસ કર્યો છે. પણ આખરે તો મુનશી નું જ ઋણ શ્રેષ્ટ ગણાય છે. મુનશીની જય સોમનાથની ચૌલા પાસે ધૂમકેતુની ચૌલાદેવી કે મડિયાની બહુલા બહુ ઝાંખી પડી જાય છે.મુનશીની ચૌલા કેવળ પ્રેમિકા અને શિવભક્તિ નાયિકા છે. ધૂમકેતુની ચૌલામાં દેશભાવના અને પ્રણય છે. તો મડિયાની (બહુલા ) ચૌલા પ્રેમિકા ,નાયિકા ઉપરાંત બાણાવળી છે. બાણ ફેકવાની હારીફાઈમાં એ ભીમદેવને પણ હરાવે છે.

ધૂમકેતુની ચૌલા મૃદંગ વગાડીને દુશ્મનના અશ્વ સૈન્યને નકામું બનાવી શકે છે.જ્યારે મડિયાની ચૌલા બાણવર્ષા કરીને ઝેર પાયેલા બાણ ફેકીને ગઝનીના સૈન્ય પર ત્રાશ વર્તાવી શકે છે. મુનશી એ મહમદને મહાન યોદ્ધો વીર સેનાપતિ બનાવ્યો છે. જ્યારે મડિયા

એને મહાન પ્રેમી બનાવીને જ જંપયા છે. મુન્શી ની ચૌલા એમ માને છે કે ભીમદેવ પોતે જ ભગવાન રુદ્રનો અવતાર છે.અને તેથી પોતાની મેળેજ પોતાનું યૌવન અને સૌંદર્ય ભીમદેવ ને ચરણે ધરે છે. મુનશીની ચૌલા ભગવાન સોમનાથના મંદિરની દુર્દશા પછી ભીમદેવ રુદ્રનો અવતાર નહીં પણ સામાન્ય માનવી છે. એવો ખ્યાલ મેળવે છે અને એના આઘાતમાથી ઊભી થઈ શકતી નથી. તેને ભીમદેવ કામલોલુપ સામાન્ય માનવ છે. એવું ભાન થતાં તે છેલ્લું નૃત્ય ભગવાન શંકર પાસે કરીને મૃત્યુ પામે છે.

મડિયાની કુમકુમ અને આશકાની બહુલા સોમનાથના ધ્વંશ પછી જીવતી રહેતી નથી.પણ સોમનાથના ઘોર પરાજય પછી જીવી શકે તેમ નથી. શાંભવ-યોગિની હોવાથી તે પણ ક્ષણમાં સ્વેચ્છાએ મૃત્યુ ગ્રહી લે છે તે કહે છે કે અતિશય સૌંદર્ય પણ હાનિકારક છે. એક વ્યક્તિનું સૌંદર્ય લાખો માનવીઓના સંહારનું નિમિત બને તે ક્યાંનો ન્યાય ? ''બહુલા 'ના આ અંતિમ ઉદગારોને મડિયા એના પાત્રોનું તેમજ સમગ્ર નવલકથાનું કેન્દ્ર બનાવવા માગતો હોય એમ લાગે છે.

ચોલાનું પાત્ર ઉપસાવવાના લેખક ધૂમકેતુએ રાણી ઉદયમતી ના પાત્રને ક્ષુલ્કતાના સ્તરે એવી રીતે આલેખન કર્યું છે કે અહી રાણી જિભા જોડી કરે છે આની સામે અશનરી અને વાસવદ્તાના પાત્રો સરખાવી જોવા જેવા છે.તો એની સામે ચૌલાદેવી એક આદર્શપાત્ર કલ્પાયું છે. એ સર્વગુણ સંપન્ન છે. તો રાની ઉદયમતીને જાણે ભીમદેવની શક્તિ કે સામર્થ્યમાં શ્રદ્ધા ન હોય એવું દર્શાવાયું છે.આપણને પ્રશ્ન થાય છે કે શું ઉદયમતી એવી અણઘડ અને મૂર્ખ હશે.

ચૌલાદેવી અને ભીમદેવના પ્રેમની ભૂમિકાનો અહી અભાવ છે. પ્રેમની ઉત્કટતા ચૌલા તથા ભીમની પરસ્પરની ઝંખના ચાહના લેખક રસમયી રીતે આલેખી શક્યા હોત પણ એમ કરવાને બદલે લેખક કુતૂહલ પ્રેરક પ્રસંગો ગોઠવી સંતોષ માને છે. ભીમદેવનુ પાત્ર પ્રમાણમાં ઘણું નિઃ સત્વ બનાવવા એના સામર્થ્યના પરાક્રમ વિષે ઘણું કહેવામાં આવ્યું પણ મુખ્યત્વે બાલિશતા જ પ્રગટ કરી શકાય છે.આરંભમાં પણ ચૌલાદેવીને બદલે રાણી ઉદયમતી ફૂલ ચાદરમાં ઢંકાઈને આવે છે. આ પ્રસંગને બતાવવા લેખક લગભગ પચ્ચીસ પાનાં રોકે છે મહારાજનો ગુપ્તચર સિંહનાદ જેવો ગુપ્તચર વિચિત્ર લાગે છે. રાજાને બદલે દામોદર આવે છે. તે રાજાને આવતા રોકી લીધા છે.તેના કારણો પણ લેખકે આપ્યા નથી. આ નવલકથામાં ધૂમકેતુ એ બાહ્ય સંઘર્ષ,આંતરિક સંઘર્ષ અને ભાવનાઓ વચ્ચેનો સંઘર્ષ સોનામાં સુગંધ ભલે તેમ તેનો વિનિયોગ કર્યો. આ નવલકથામાં દામોદર નું પાત્ર જેમ્સ બોન્ડના પાત્ર જેવુ ધૂમકેતુ એ આલેખ્યું છે તે સર્વ શક્તિમાન જેવુ છે.તેથી તેમાં અતિરંજિત પાત્ર લાગે છે.એક પાત્રને ઉઠાવ આપવા બીજા પાત્રને ક્ષુલ્લ્ક બનાવવું એ હિન કૃત્ય છે.અહી દામોદર મહેતા સામે વિમલમંત્રીનો 'રા'ને તથા બીજી મહત્વની વ્યક્તિઓને બુધ્ધિહીન બનાવ્યા છે.અંતે જે રીતે વિમલમંત્રી ને પાટણ બહાર કઢાય છે.તથા રાણી ઉદયમતી અને 'રા 'ને ચૂપ કરી દેવામાં આવે છે. તે બુધ્ધિગમ્ય લાગતું નથી .

જ્યારે મડિયાની આ નવલકથામાં ડામર અથવા દામોદરમહેતાનું પાત્ર ઐતિહાસિક છે. ગુજરાતનો આ મંત્રી ઘણો નિપુણ ચતુર અને દક્ષ હતો. એને માટે ઐતિહાસિક આધાર છે. મડિયાએ ડામરનું પાત્ર આલેખ્યું છે. પણ એમાં મુશ્કેલી એ છે કે ડામર બહુ દક્ષ છે . નિપુણ છે.એમ વારંવાર કહ્યા કર્યું છે. પણ ડામરનું એવો કોઈ દક્ષત્વ આંજી નાખે તેવું કોઈ બૌધિક પરાક્રમ અહી દર્ષ્ટિગોચર થતું નથી. ડામર વિષે આભા ઊભી કરાઇ છે. પણ પ્રત્યક્ષ રૂપે એનું ડહાપણ ચોટદાર રૂપમાં નજરે પડતું નથી અથવા એમ માનીએ કે ગુજરાતના ડાહ્યા ડમરાઓ પણ હતબુદ્ધિ થઈ ગયા હશે ત્યારેજ સોમનાથનો પ્રચંડ પરાજય સર્જાયો હશેને ?

ધૂમકેતુનું આ ગધ આ નવલકથામાં વિવિધ લક્ષણો ધારણ કરે છે. ક્યારેક ટૂંકા,ટૂંકા વાકયોમાં ક્યારેક કલ્પના સભર વર્ણનોમાં,ક્યારેક તીખા તમતમતા સંવાદોમાં તો ક્યારેક ભાવનામય ગધ પણ જોવા મળે છે.આ નવલકથામાં અલંકારો ,કહેવતોનો ઉપયોગ પણ કર્યો છે.તથા સાંકેતિક ભાષાનો ઉપયોગ કરીને પણ પોતાની અનન્ય શક્તિ બતાવે છે.

આમ આ ચૌલાદેવી એક સફળ ઐતિહાસિક નવલકથા છે. પરંતુ તેમાં આપની કલાત્મકતાની અપેક્ષા સંતોશાતી નથી, એનો વસવસો રહે છે. ઘણું બધુ સારું કહી શકાય તેવું આ નવલકથામાં છે.ઘણું બધુ સારું કહી શકાય તેવું આ નવલકથામાં છે. પણ એ અસાધારણ નથી.આમ છતાં નોધપાત્ર નવલકથા તો છે જ .

મુનશીએ પહેલી જ વાર સુનિશ્ચિત સ્વરૂપ વાળી નવલકથાઓ આપી લાંબા લાંબા સંભાસણો વાળી બિન જરૂરી વર્ણનો વાળી, રસ્વતી પરંપરાગત શૈલીનો ત્યાગ કરી ,આકર્ષક કથનશૈલી અને નાટયોચિત પ્રસંગોવાળી શૈલીનો સુમેળ પોતાની નવલકથામાં સાધ્યો છે.એમના હાથમાં નવલકથા સાચી નવલકથા બને છે. એમની કળા સીધી અને સાદી છે. આકર્ષક પ્રસંગોની કલાત્મક ગૂંથણી, નાટ્યાત્મક ઘર્ષણ અને ઢાલ –લાકડીના દાવ જેવા વેધક સંવાદો, જીવંત પાત્ર લેખન આકર્ષક ગધશૈલી વડે મુનશીની પોતાની કૃતિઓ આગવું આકર્ષણ ધરાવે છે.

શ્રી મડિયા વાર્તાકારનું કૌશલ્ય ધરાવે છે.કેમકે શબ્દ અને શૈલીના સમર્થ સ્વામી છે.એમનું ગધ રસાળ છે.એટ્લે કૃતિરસ પૂર્વક વાંચી શકાય છે.

**સંદર્ભસૂચિ**

૧. સાહિત્ય ગોષ્ઠી : ડો.ઈશ્વર ર.દવે
૨. અર્વાચીન ગુ.સા.ઈતિહાસ : રમેશ ત્રિવેદી
૩. ધૂમકેતુની ભાવસૃષ્ટિમાથી : ચુનીલાલ મડિયા